# આજનો દિવસ !



દરેક દિવસ અદભુત જ હોય છે. બસ આપણે લોકો એને ચીલાચાલુ બનાવી નાંખતા હોઈએ છીએ. માટે દરેક 'આજ'ના દિવસે શું કરવું તે ખ્યાલ ન આવે તો નીચેનાં સૂચનો યાદ રાખીએ અને પાલન કરી જોઈએ!

આજે.. .. ..

આપણે ગુસ્સો નહીં જ કરીએ !

કોઈ જૂના ઝઘડાનો અંત લાવીશું.

ભૂલાઈ ગયેલા કોઈ મિત્રનો ફોન નંબર શોધી એને ફોન કરીશું.

કોઈના પ્રત્યેની શંકાને ત્યાગી એની જગ્યાએ વિશ્વાસને સ્થાન આપીશું.

કોઈ સ્નેહીજનને એક પોસ્ટકાર્ડ લખીશું!

હતોત્સાહ થયેલી કોઈ વ્યક્તિને જીવન જીવવાનું બળ મળે એ માટે હિંમત આપીશું.

જૂના દ્વેષને દફનાવી દઈશું.

કોઈ પાસે એક દિવસ પૂરતી પણ અપેક્ષા નહીં રાખીએ અને રાખતા હોઈશું તોપણ હવે પછી ઘટાડી દઈશું.

આપણા હક્ક માટે જરૂર લડીશું પણ બીજાના અધિકાર પર તરાપ ન મરાઈ જાય તેનું ધ્યાન રાખીશું.

આપણું નાનકડું કામ પણ કોઈ કરે તો એનો દિલથી આભાર માનીશું.

જૂના અને વાહિયાત ડરને મગજમાંથી કાઢી નાંખીશું.

થોડોક સમય કુદરતના સૌંદર્યને માણવા માટે ફાળવીશું.

કોઈ અશક્ત તેમજ વડીલ વ્યક્તિનું કામ કરી દઈશું. અને જો એવું ન થઈ શકે તોપણ એમને ધક્કો ન વાગી જાય તેનો ખ્યાલ રાખીશું.

હા! આજે ચાલો, દુનિયાને, મિત્રોને, વ્હાલાંઓ અને સંબંધીઓને ખુલ્લા દિલથી કહી દઈએ કે આપણે એમને ખરેખર ચાહીએ છીએ અને એ લોકો આપણા માટે અમૂલ્ય છે.

આજે, અરે દરેક 'આજના દિવસે' જો આપણે આટલું જ કરી શકીએ તો આવતી કાલની વાટ જોવાનું મન જ નહીં થાય. દરેક 'આજ' જ અદભુત બની જશે. અને ખાતરી રાખજો કે આપણે જગતને જેટલું ચાહતા હોઈશું એ કરતાં પણ જગત આપણને વધારે ચાહશે!

**-સંકલન**